ચૂંટણી ચોતરેથી

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસના ચૂંટણી પ્રવાસે ગુજરાત આવ્યા છે.
- કેન્દ્રના વરિષ્ઠ મંત્રીઓ અરૂણ જેટલી, સ્મૃતિ ઈરાની, ધર્મેન્દ્ર પ્રધાન, જીતેન્દ્રસિંગે શનિવારે વિવિધ વિસ્તારોમાં સભાઓ સંબોધી હતી.
- આમ આદમી પાર્ટીના ત્રીસે ત્રીસ ઉમેદવારોએ પોત પોતાના વિસ્તારનો અલગ મેનીફેસ્ટો બહાર પાડ્યો.
- કોંગ્રેસે દરેક મતદાન મથક પર ઝામર લગાવવા માંગણી કરી.
- રાહુલના ટ્વીટ બાદ નર્મદા જિલ્લાના શહીદ પરિવારને ૨૦૦ ચો. મીટરનો જમીનનો પ્લોટ રાતોરાત અપાયો.
- રાહુલ ગાંધીએ ગુજરાતના શિક્ષણ અંગે ટ્વીટર પર સવાલો ઉઠાવ્યા.
- રાજ બબ્બરે કોંગ્રેસના પ્રચારમાં વિવિધ વિસ્તારમાં રોડ શો કર્યા.
- પૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહનસિંહે સુરતમાં વેપારીઓ સાથે બેઠક કરી હતી.
- પંચમહાલ જિલ્લા ભાજપના પૂર્વ સાંસદ ભૂપેન્દ્રસિંહ સોલંકી અને જાણીતા ડૉક્ટર જશવંતસિંહ પરમારે ભાજપમાંથી રાજીનામુ આપ્યુ.

ભાજપ પર મનમોહનસિંઘના આકરા પ્રહાર

સુરતમાં વેપારીઓ સાથે પૂર્વ પ્રધાનમંત્રીનો વાર્તાલાપ

પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ સુરતમાં ચૂંટણી પ્રચાર અર્થે આવ્યા હતા. મનમોહન સિંહ ઉદ્યોગપતિઓ અને આગેવાનો સાથે સંવાદ કર્યો હતો. મનમોહન સિંહે જણાવ્યું હતું કે, જીએસટીથી ટેક્સ ટેરરિઝમ આવ્યું છે. ત્યારબાદ વડાપ્રધાન મોદી પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, જીએસટીએ સારો આઈડિયા છે, કોંગ્રેસ પાર્ટી તેમને સપોર્ટ આપે છે પરંતુ પણ જીએસટીને યોગ્ય રીતે લાગું નથી કરાયો. મનમોહન સિંહે જણાવ્યું કે હું આશ્ચર્યમાં હતો જ્યારે મોદીએ કહ્યું કે, કોંગ્રેસ અને તેની સરકાર ગુજરાતીઓનો તિરસ્કાર કરે છે. પહેલાં ગુજરાતી મહાત્મા ગાંધી, બીજા સરદાર પટેલ. નહેરૂ અને પટેલે સાથે મળી સ્વતંત્રતાને મજબૂત બનાવી. મોરારજી દેસાઈએ ગુજરાતના મહાન નેતા હતા. મનમોહન સિંહે કહ્યું કે નોટબંધીથી ફક્ત સુરતમાં ૮૯ હજાર લુમ્સ ભંગારમાં ગયા અને ૩૧ હજાર કારીગરો બેરોજગાર બન્યા.

જીએસટી સારો વિચાર હતો, પરંતુ બીજેપી સરકારની દિશાહીનતા અને ખરાબ અમલવારીના કારણે આવી હાલત થઈ છે. મનમોહન સિંહે જણાવ્યું કે તમે લોકોએ દેશને ફાયદો થાય એટલા માટે મોદીજી પર વિશ્વાસ કર્યો, હું તમારા કમિટમેન્ટને સલામ કરૂં છું પરંતુ જનતા મોદીજી પાસેથી જે અપેક્ષા રાખતી હતી તે પૂર્ણ ન થઈ. વડાપ્રધાન મોદી પર વધુમાં પ્રહાર કરતા મનમોહને જણાવ્યું કે વડાપ્રધાને દાવો કર્યો હતો કે તેઓ ગુજરાત અને ગરીબોને સમજે છે તો પછી તેમના નિર્ણયોથી થયેલી હેરાનગતીને તેઓ શા માટે સમજી ન શક્યા.

કોંગ્રેસ પક્ષ ધીમે ધીમે લુપ્ત થઈ રહ્યો છે : જેટલીનો કટાક્ષ

કેન્દ્રિય નાણામંત્રી અરૂણ જેટલીએ શનિવારે સુરતમાં પત્રકાર પરિષદ કરી હતી, જેમા તેમણે કોંગ્રેસ પક્ષ પર સીધો હુમલો કર્યો હતો અને તેને "સૌથી ભ્રષ્ટ પક્ષ" તરીકે ઓળખાવ્યો હતો. તેમણે આગળ કહ્યું હતું કે કોંગ્રેસ પક્ષ ધીમે ધીમે લુપ્ત થવાની નજીક છે, જ્યારે ભાજપે સ્થિરતા અને વિશ્વસનીયતા જાળવી રાખી છે. જેટલીએ જણાવ્યુ હતું કે, ગુજરાત ભાજપ માટે મહત્વપૂર્ણ પ્રાંત છે ભાજપાની સરકાર દરમિયાન ગુજરાતે મોટાપાયે આર્થિક વિકાસ જોયો છે."

સુરતમાં એક બેઠક પર હાજરી આપતા અરૂણ જેટલીએ જણાવ્યુ કે," સ્થિરતા અને સુશાસનની ક્ષમતા માત્ર ભાજપ પાસે છે અને કોંગ્રેસ માત્ર અવસરવાદી છે. તેઓ હંમેશા અરાજકતાનું રાજકારણ કર્યુ છે. વર્ષ ૧૯૮૦ બાદ ફરી કોંગ્રેસ તકવાદનાં રસ્તે નિકળી પડી છે. કોંગ્રેસનાં સમયગાળામાં સૌથી મોટા કૌભાંડ થયાં છે. નરેન્દ્ર મોદીની સરકાર પહેલાંની ૧૦ વર્ષ પહેલાની સરકાર સૌથી ભ્રષ્ટ સરકાર હતી".

ગુજરાત મોડલ પર તેમણે કહ્યું કે," વર્ષ ૧૯૮૦નાં દાયકામાં રાજ્યમાં સામાજીક ધ્રુવીકરણ પ્રબળ હતું. જોકે, ભાજપ સરકારનાં નેતૃત્વમા રાજ્ય વિકાસનાં ટ્રેક પર આવી ગયુ. અમે હાલમાં પણ સતત ગુજરાતને વિકાસનાં માર્ગ પર લઇ જવાના પ્રયાસો કરી રહ્યા છે. તાજેતરના વિશ્વ રેંકિંગનો ઉલ્લેખ કરતા જેટલીએ કહ્યું કે, આજે દુનિયાનું સૌથી વધુ FDI ભારતમાં છે અને વર્લ્ડ બેંકનાં રિપોર્ટમાં ભારત ૪૨ અંક ઉપર આવી ગયુ છે.

તમને જણાવી દઈએ કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે પરિણામો ૧૮ ડિસેમ્બરના રોજ જાહેર કરવામાં આવશે. ભાજપ માટે આ ચૂંટણી પ્રતિષ્ઠા માટેનું એક યુદ્ધ છે કારણ કે તે રાજ્યમાં બે દાયકાથી પણ વધુ સમયથી સરકાર બનાવી રહી છે. બીજી બાજુએ કોંગ્રેસ પાર્ટી પ્રાધાન્ય પાછુ મેળવવાનો પ્રયત્ન કરશે.

ગુજરાતમાં કોંગ્રેસ આવતી નથી જાય છે જાય છે : અમિત શાહ

ગીર,તા.૨

ઉત્તર પ્રદેશમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં બીજેપીને મળેલ ખુબ મોટી જીતને લઇ અમિત શાહે કહ્યું છે કે, ગુજરાતમાં યૂપીથી પણ વધું સારા પરિણામ આવનારા છે. શુક્રવારનાં રોજ ગુજરાતમાં એક રેલીને સંબોધિત કરતા અમિત શાહે કહ્યું કે, ૧૮ ડિસેમ્બરનાં રોજ ગુજરાતમાં ચૂંટણીનાં જે પરિણામ આવશે, તેની ઉત્તર પ્રદેશની સ્થાનિક સ્વરાજની ચૂંટણી સાથે કોઇ તુલના થઇ શકશે નહી. ગુજરાત અને હિમાચલ પ્રદેશ વિધાનસભા ઇલેકશનનાં પરિણામો ૧૮ ડિસેમ્બરે આવશે. અમિત શાહનાં આ નિવેદનથી સાફ છે કે, બીજેપી તરફથી યૂપી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મળેલ જીતને લઇ ગુજરાતમાં ખુબ જ પ્રચાર કરવામાં આવશે અને સાથે જ કોંગ્રેસને નબળી પાડવાના પ્રયત્ન પણ કરવામાં આવશે.

ગિર સોમનાથ જિલ્લામાં રેલીને સંબોધિત કરતા બીજેપી અધ્યક્ષે કહ્યું કે,''યૂપીની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસે એક પણ સીટ પર જીત મેળવી નથી. બીજી બાજુ નરેન્દ્ર મોદી અને યૂપીનાં સીએમ યોગી આદિત્યનાથનાં નેતૃત્વમાં બીજેપીનો કેસરીયો ઝંડો લહેરાઇ રહ્યો છે.''

પોલીંગ બુથ અને સ્ટ્રોંગ રૂમ પર જામર લગાવવાની કોંગ્રેસની ચૂંટણીપંચને રજુઆત

ગુજરાત વિધાનસભાની ૯ અને ૧૪ ડિસેમ્બરના રોજ યોજાનારી ચૂંટણીની સમીક્ષા કરવા મુખ્ય ચુંટણી કમિશ્નર એ.કે. જોતી સહિતની ટીમને કોંગ્રેસનું પ્રતિનિધિમંડળ મળ્યું હતું. જેમાં વિધાનસભા ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા રહે તે માટે કોંગ્રેસના નેતા બાલુભાઈ પટેલે ચીફ ઈલેકશન કમિશ્નરને પોલીંગ બુથ અને જ્યાં ચૂંટણીના પરિણામ સુધી ઈવીએમ મશીન મુકવામાં આવશે તે સ્ટ્રોંગ રૂમ પર જામર લગાવવા આવે. ઉલ્લેખનીય છે, દેશમાં ગુજરાતની લોકસભાની ચૂંટણી અને ત્યારબાદ અનેક રાજ્યોમાં અને આખરે ઉત્તર પ્રદેશમાં ભાજપની જીતના પગલે ઈવીએમ મશીનની વિશ્વસનીયતા પર અનેક રાજકીય પક્ષોએ સવાલ ઉભા કર્યા હતા. જેની બાદ ચૂંટણી પંચે ખુદ ઈવીએમ મશીનને જાહેર ટેસ્ટ કરવા માટે રાજકીય પક્ષોને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. જો કે તેમાં પણ ઈવીએમ મશીનમાં કોઈ ખામી જોવા મળી ન હતી.

ઉત્તર પ્રદેશ બાદ ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં યોજાનારી ચૂંટણીમાં ઈવીએમ સાથે વીવીપીએટ મશીન ઉપયોગ લેવા માટે જાહેર હિતની અરજી સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવી હતી. જેમાં સુનવણી દરમ્યાન સુપ્રિમ કોર્ટે ગુજરાત અને હિમાચલમાં ઈવીએમ સાથે વીવીપીએટ મશીન સાથે જ ચૂંટણી યોજવા માટે આદેશ આપ્યો હતો.

તેવા સમયે ગુજરાતમાં જે રીતે ભાજપ સામે રોજ નવા નવા પડકાર ઉભા થઈ રહ્યા છે. ત્યારે ભાજપ ચૂંટણી જીતવા માટે ઈવીએમ મશીનને હેક કરીને તેનો ડેટા બદલી શકે છે તેવો ભય પણ ઉભો થયો છે. જેના પગલે કોંગ્રેસ પક્ષ દ્વારા પોલીંગ બુથ અને સ્ટ્રોંગ રૂમ પર જામર લગાવવાની રજુઆત મુખ્ય ચુંટણી કમિશ્નર સમક્ષ કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે.

માનગઢ મુદ્દે મોદીના ભાષણથી રાજપૂતો ગોંડલના ઘોલર મરચાં જેવા લાલઘૂમ

પાલીતાણામાં ભાજપના ઉમેદવારોના પ્રચાર અર્થે આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગારીયાધાર તાલુકાના માનગઢ ગામે વર્ષ ૧૯૮૪ ના હત્યાકાંડને યાદ કરી અને પટેલ સમાજ અને ક્ષત્રીય સમાજ વચ્ચે વર્ગવિગ્રહ થાય તેવું વાતાવરણ ઉભું કરતા સમગ્ર જીલ્લામાં પટેલ સમાજ અને ક્ષત્રીય સમાજમાં રોષ ફાટી નીકળ્યો હતો. જેને લઈને આજે પટેલ સમાજ અને ક્ષત્રીય સમાજના આગેવાનો દ્વારા એક સંયુક્ત પત્રકાર પરિષદ બોલાવી અને આ ઘટનાને વખોડી કાઢી હતી. સાથે આગામી દિવસોમાં જો મોદી માફી નહિ માંગે તો ભાવનગર આવનાર વડાપ્રધાનનો કાળા વાવટા ફરકાવી વિરોધ કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારી.

વાત જાણે એમ છે કે, ગત તારીખ ૨૯ તારીખ ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાલીતાણા ખાતે ભાજપના ઉમેદવારોના પ્રચાર અર્થે આવેલા અને સભા સંબોધન દરમિયાના તેમને પાટીદાર સમાજ અને ક્ષત્રીય સમાજ વચ્ચે વર્ગ વિગ્રહ થાય તેવા ઉચ્ચારણો કર્યા હતા, ગારીયાધાર તાલુકામાં વર્ષ ૧૯૮૪ માં થયેલ હત્યાકાંડને જાહેર સભામાં યાદ કરી અને બન્ને સમાજ સામસામે આવી જાય તેવા ઉચ્ચારણો કરતા બન્ને સમાજમાં ભારે રોષની લાગણી જન્મી છે, હાલ આ માનગઢ સહીત સમગ્ર જીલ્લામાં પટેલ સમાજ અને ક્ષત્રિય સમાજ જ્યારે ભાઈચારાથી રહેતા હોય ત્યારે માત્ર વોટબેંક માટે ૩૦ વર્ષ જૂની ઘટનાને યાદ કરી વર્ગવિગ્રહ થાય તેવા ઉચ્ચારણો કરી હલકી કક્ષાનું રાજકારણ મોદી કરતા હોય તેવા રોષ સાથે આજે ક્ષત્રીય સમાજના આગેવાનો અને પટેલ સમાજના આગેવાનો મોટી સંખ્યામાં એકઠા થઈ એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાતમાં મહિલા ઉમેદવારની સંખ્યામાં ૩૩ ટકા સુધી ઘટાડો

રાજનીતિમાં મહિલાઓને વધુ પ્રતિનિધિત્વ આપવાની વાત હંમેશા થતી રહે છે પરંતુ આ માત્ર કાગળ સુધી જ મર્યાદિત રહી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારી પત્રોના ફોર્મ અને અન્ય બાબતો ઉપર ધ્યાન આપવામાં આવે તો જાણવા મળે છે કે, મહિલાઓને ફાળવવામાં આવેલી ટિકિટમાં આ વખતે ૩૩ ટકાનો નોંધપાત્ર ઘટાડો થયો છે. ભાજપ અને કોંગ્રેસ બંનેએ મહિલા ઉમેદવારોને ઓછી સંખ્યામાં ટિકિટો આપી છે.

ગુજરાતમાં મહિલા સભ્યોની સંખ્યા આ વખતે પણ ઓછી રહી શકે છે. વર્ષ ૨૦૧૨માં જે સંખ્યા હતી તેના કરતા આ વખતે ઓછી રહી શકે છે.

૨૦૧૨માં ભાજપ અને કોંગ્રેસ તરફથી સંખ્યા હતી તેની સરખામણીમાં આ વખતે સંખ્યા ઘટી ગઈ છે. ૨૦૧૨માં ૩૧ની સામે આ વખતે આ સંખ્યા ઘટીને ૨૧ થઈ ગઈ છે. ૨૦૧૨માં ભાજપ તરફથી ૧૯ અને કોંગ્રેસ તરફથી ૧૧ મહિલાઓ હતી જ્યારે આ વખતે ભાજપ તરફથી ૧૧ અને કોંગ્રેસ તરફથી ૧૦ની સંખ્યા થઈ છે. ૨૦૧૨માં ભાજપ દ્વારા ૧૯ મહિલાઓને મેદાનમાં ઉતારવામાં આવી હતી. આ વખતે ૧૧ને મેદાનમાં ઉતારવામાં આવી છે. ૪૨ ટકાનો ઘટાડો આમા થયો છે.

આ સ્થિતિ એવા સમયે છે જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે આનંદીબેન પટેલ પણ રહી ચુક્યા છે. આનંદીબેને શહેર અને સ્થાનિક સંસ્થાઓને ૫૦ ટકા અનામતન વાત કરી હતી. સાથે સાથે રાજકારણમાં ૩૩ ટકા અનામતની વાત કરવામાં આવી હતી. ૨૦૧૨માં કોંગ્રેસે ૧૨ મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા.

આ વખતે કોંગ્રેસે ૧૦ને મેદાનમાં ઉતાર્યા છે. આનો મતલબ એ થયો કે મહિલા ઉમેદવારોની સંખ્યામાં ૧૭ ટકાનો ઘટાડો થયો છે. હાલમાં જ કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ પણ વચન આપ્યું હતું કે, તેમની પાર્ટી આ વિધાનસભાની ચૂંટણીમાં વધારે સંખ્યામાં મહિલાઓને ટિકિટ આપશે પરંતુ રાહુલ ગાંધી પણ આ વચન પાળી શક્યા નથી. મહિલા ઉમેદવારોની સંખ્યાના મામલામાં પુછવામાં આવતા કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ કહ્યું છે કે, આમા કેટલાક કારણો રહેલા છે.

હાર્દિક પટેલની સભામાં ઉભરાતી ભીડ 'મત'માં રૂપાંતરીત થશે ખરી

પહેલા તબક્કે હાર્દિક પટેલે જનાધાર ગુમાવી દીધો છે, હવે તેનું રાજકારણ પુરૂ થઈ ગયુ છે, હાર્દિક, અલ્પેશ અને જીજ્ઞેશની દુકાન ૧૮મી ડિસેમ્બર સુધી જ ચાલશે પછી તાળા વાગી જશે જેવા નિવેદન કરનાર ભાજપી નેતાઓને હાર્દિકની રેલી અને સભામાં આવી રહેલી ભીડ ડરાવી રહી છે. હવે તેમનો દાવો છે કે હાર્દિક પટેલની સભામાં ભલે ભીડ આવે પણ તેઓ ભાજપ વિરોધી મતદાન કરશે નહીં. ખરેખર જો હાર્દિક પુરો થઈ ગયો હોય તો ભાજપી નેતાઓએ તેની નોંધ જ લેવી જોઈએ નહી. હાર્દિક કહે ત્યાં પોલીસે તેને સભા કરવાની મંજુરી આપવી જોઈએ, પણ તેના બદલે ઉલટું થઈ રહ્યુ છે.

પહેલા તો હાર્દિકની સભા થાય નહીં તે માટે કાયદો અને વ્યવસ્થાના નામે તંત્ર સભાને મંજુરી આપતુ નથી. આમ છતા હજારો લોકો સભામાં આવે છે. ત્યાર બાદ મંજુરી વગર સભા કરવાનો ગુનો હાર્દિક સામે થાય છે. જો કે જેની સામે રાષ્ટ્રદ્રોહનો ગુનો નોંધાયો હોય તેને સામાન્ય ફરિયાદનો ડર લાગતો નથી. પણ ખરેખર હાર્દિકની સભામાં આવી રહેલી ભીડ ચૂંટણીના પરિણામ ઉપર અસર કરશે તો તે કેટલી કરશે તે પ્રશ્ન રાજકિય નિરીક્ષકોને પણ સતાવી રહ્યો છે. હાર્દિક પહેલો એવો પાટીદાર નેતા છે જેને પાટીદારોને અનામત આપવાની માગણી કરી. તેણે પહેલા માત્ર પાટીદાર અનામતની જ વાત કરી, પણ તેને બહુ જલદી સમજાઈ ગયુ કે માત્ર પાટીદારના નેતા થવુ અથવા પાટીદારના જ પ્રશ્ન ઉપર બોલવુ તેના કરતા સમાજના અન્ય વર્ગો જે સરખી જ સમસ્યામાંથી પસાર થઈ રહ્યા છે, તેમને પણ જનઆંદોલનમાં સામેલ કરવા જોઈએ.

હાર્દિકની આ વ્યુહરચના કામે લાગી, હાર્દિક ખેડૂત, બેરોજગાર યુવાનો અને વેપારીઓ અંગે બોલવાનું શરૂ કર્યુ, તેની સાથે તેની પાછળ લોકોની ભીડમાં વધારો થયો. હાર્દિકને સમજાયુ કે સામાન્ય માણસ કોઈ પણ કોમનો હોય તેને સમસ્યા તો એક સરખી જ છે. હાર્દિકની હાલમાં સૌરાષ્ટ્રમાં જે પ્રકારની સભાઓમાં ભીડ એકત્ર થઈ રહી છે. તે સ્વભાવીક ભાજપ માટે ચીંતાનો વિષય છે. પણ હમણાં સુધી સભાઓ અને રેલીમાં એક સુચક બાબત છે કે મહિલાઓ અને યુવાનોની સંખ્યા ૯૦ ટકા છે. મહિલાઓ અને યુવાનો ચૂંટણીના પરિણામ બદલી નાખવામાં મહત્વપુર્ણ સાબીત થવાના છે. જ્યારે મહિલા પોતાનો મત બદલે છે ત્યારે તેનું ઘર પણ તેનો મત બદલે આમ ભાજપે ચિંતા કરવાની જરૂર છે તે હાર્દિકની સભામાં યુવતીઓ અને મહિલાઓ વધવા લાગી છે.

હાર્દિક પટેલને કારણે તમામ પાટીદારો ભાજપ વિરોધી મતદાન કરશે તે વાત પણ સાચી નથી. પરંતુ હાલમાં ભાજપ સાથે જે પાટીદારો છે. તેઓ ઉચ્ચ મધ્યમ વર્ગ અને શ્રીમંતો છે. જેમનો ધંધો સીધો અથવા આડકતરી રીતે સરકાર સાથે સંકળાયેલો છે અથવા જે પાટીદારની ઉંમર ૫૦ કરતા વધારે છે, તેઓ ભાજપને મત આપવાનું પસંદ કરશે.

ડિજીટલ ગુજરાતઃ જરા તપાસ કરો, સરકારી રૂપિયા બરબાદ કરતી એજન્સીઓ બ્લેકલિસ્ટેડ કરવી પડશે

ગુજરાતને ડિજીટલ બનાવવાનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સપનું અધુરૂં રહ્યું છે. પાંચ વર્ષમાં ભાજપના વાયદા પ્રમાણે સંપૂર્ણ ગુજરાત વાયફાય યુક્ત બની શક્યું નથી. માત્ર સચિવાલયમાં પાસવર્ડ સાથે નક્કી કરેલો પ્રોજેક્ટ હજી પુરેપુરો શરૂ થઈ શક્યો નથી. સચિવાલયમાં મળેલી એક ઉચ્ચસ્તરીય બેઠકમાં જ્યારે સર્વેક્ષણ રિપોર્ટ મૂકવામાં આવ્યો ત્યારે આ બાબત સામે આવી છે.

ભાજપના ચૂંટણી વાયદા પ્રમાણે ગુજરાત વાઇફાઇ ઝોન બની શક્યું નથી

ઈન્ટરનેટ ચાલે એનો મતલબ એ નથી કે આખું ગુજરાત વાયફાય ફ્રી થઈ ગયું. શરૂઆતમાં ગામડા અને શહેરો વાઈફાઈ યુક્ત બનાવવા સરકારે અભિયાન ઉપાડ્યું પરંતુ પાંચ સાત જગ્યાએ કનેક્ટિવિટી આપીને ૭૫ ટકા ગુજરાતને બાકી રાખ્યું છે.

ગુજરાતને ડિજીટલ બનાવવાનું લક્ષ્ય ૨૦૧૨ના ચૂંટણી ઢંઢેરામાં રાખવામાં આવ્યું હતું અને ભાજપની સરકારે કહ્યું હતું કે આવનારા પાંચ વર્ષમાં આખું ગુજરાત ડિજીટલ બની જશે. તમામને ઈન્ટરનેટ કનેક્ટિવિટી અપાશે પરંતુ રાજ્યના પાટનગરમાં જ કનેક્ટિવિટી મળતી નથી. સરકારે તેના સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ પાસેથી ડેટા લેવો જોઈએ કે માત્ર કાગળ પર નહીં, રિયલમાં કેટલી જગ્યાએ નેટની સુવિધા આપવામાં આવી છે.

કેન્દ્રની યુપીએ સરકારે ઈ-વોલેટ અને ડિજીટલ મની સહિત કેશલેસ ઈકોનોમીની શરૂઆત કરી છે ત્યારે ગુજરાત સરકારે આ પ્રોજેક્ટમાં વિલંબ કર્યો હોય તેમ દેખાઈ રહ્યું છે. મુખ્યમંત્રી ખુદ ડિજીટલ બની રહ્યાં છે પરંતુ તેમની સરકારનું વહીવટી તંત્ર લોકોને ડિજીટલ બનતાં રોકી રહ્યું છે. હાલ ગુજરાતની જનતા તેમના મોબાઈલમાંથી નેટ યુઝ કરે છે જ્યારે સરકારે

રાજ્ય સરકારે પાટનગર ઉપરાંત રાજ્યોના જિલ્લાઓમાં નેટ કનેક્ટિવિટ માટે હોટસ્પોટ ખરીદવાનું નક્કી કર્યું હતું પરંતુ હજી મોટાભાગના જિલ્લામાં સરકારી નેટ કનેક્ટિવિટી બાકી છે. કેન્દ્રની સરકારે સોશ્યલ માધ્યમનો વધુ ઉપયોગ કરીને કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓ, વિકાસ કામો અને પ્રજાના હિતમાં લેવાયેલા નિર્ણયોનો બહોળો પ્રચાર કરવાની સૂચના આપી છે ત્યારે ગુજરાતમાં હવે ધીમે ધીમે બ્યુરોક્રેસી અને પ્રજાના પ્રતિનિધિઓ સોશ્યલ સાઈટ્સની શરૂઆત કરી રહ્યાં છે. મંત્રીમંડળના સભ્યો અને બ્યુરોક્રેસી ઓનલાઈન બની ચૂકી છે પરંતુ

કેબિનેટના મંત્રીઓ અને ધારાસભ્યોના ઇ-મેઇલ આઇડી પણ ઉપયોગ નહી

સરકારની ૨૫૦ થી વધુ વેબસાઈટ પૈકી ૭૦ ટકા વેબસાઈટ્સ અપડેટ થતી નથી. આ વેબસાઈટમાં તારીખ જરૂર અપડેટ થાય છે પરંતુ ડેટા

ગુજરાત સરકારના વિભાગોની ૭૦ ટકા જેટલી વેબસાઇટ અપડેટ્સ થતી નથી

કરતાં માલુમ પડે છે કે પાટનગરના કેટલાક વિસ્તારો હજી પણ વાઈફાઈ સુવિધાથી બાકાત છે. સરકારે આ દિશામાં તપાસ કરીને જવાબદાર એજન્સીઓને નશ્યત કરવી જોઈએ, કારણ કે તેઓ સરકારના રૂપિયા લઈને પણ પુરતી સેવાઓ આપી શકતા નથી.

સચિવાલયમાં વાઈફાઈ ચાલે એટલે આખા ગુજરાતમાં વાઈફાઈ ચાલે છે તેમ કહેવું ભૂલભરેલું છે. ભાજપના મેનિફેસ્ટો પ્રમાણે ૨૦૧૭ના અંત સુધીમાં સમગ્ર ગુજરાત વાઈફાઈ બનવું જોઈએ પરંતુ હજી અડધા ભાગનું ગુજરાત વાઈફાઈ થવાનું બાકી છે. સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજીના એક અધિકારીએ જણાવ્યું હતું કે ડિજીટલ ગુજરાતનો પાયો નાંખવા સરકારે બજેટમાં સૌથી મોટી નાણાંકીય જોગવાઈ કરી છે. સરકારે જીસ્વાન નેટવર્કને ૨૦ ગણું ઝડપી બનાવવાની કામગીરી પૂર્ણ કરી છે. જિલ્લા કક્ષાએ હાલ ૩૪ એમબીપીએસની બેન્ડવિથ છે તે વધારીને ૫૦૦ એમબીપીએસ કરવાનો તેમજ તાલુકા કક્ષાની હાલની ૧૦ એમબીપીએસને વધારીને ૨૦૦ એમબીપીએસ કરવાનો પ્લાન શરૂ કર્યો છે.

ભારતમાં ડિજીટલ ઈન્ડિયાની જાહેરાત પણ થઈ ન હતી ત્યાર પહેલાં એટલે કે ૨૦૧૧માં વસલાડનું એક ગામ તિઘારા એ વિશ્વ સાથે જોડાઈ ચૂક્યું હતું. ગુજરાતનું તે પહેલું વાઈફાઈ ગામ હતું, જેમાં સરકારની કોઈ સહાય ન હતી. આ ગામના એક્સપર્ટ લોકો લંડન, પનામા અને એટલાન્ટા જઈને વસેલા છે. તેમણે આ ગામને વાઈફાઈ બનાવી દીધું હતું. એનઆરઆઈ યુવાનોની આ કમાલ હતી. આ ગામના લોકો ૧૦ થી ૧૫ જીબી ડેટાનો ઉપયોગ માત્ર માસિક ૩૦૦ રૂપિયા અને વાર્ષિક ૭૦૦૦ રૂપિયાથી કરી રહ્યાં હતા.

ગુજરાત સરકારે તેની ટેલિફોન ડાયરીમાં તેમજ પ્રત્યેક વેબસાઈટમાં કેબિનેટ મંત્રીઓના ટેલીફોન નંબર અને ઈમેઈલ એડ્રેસ આપ્યા છે છતાં તે નંબર પર મંત્રી મળતા નથી અને ઈમેઈલનો કોઈ રિપ્લાય આવતો નથી. સરકારે તમામ ધારાસભ્યોને પણ ઈમેઈલ એડ્રેસ આપ્યા છે પરંતુ તેનો અત્યાર સુધીમાં કોઈએ ઉપયોગ કર્યો નથી. વિધાનસભા ચાલુ હોવા છતાં ધારાસભ્યો આ એડ્રેસનો ઉપયોગ કરવાની તસદી લેતા નથી.